જીવંત પ્રકાશનો બનેલો લંબગોળ બની રહ્યો, અને તે બધાં ચક્રોને, મસ્તકની ઉપરનું ચક્ર, મસ્તક, ગળું, હૃદય, પેટનો મધ્ય ભાગ, કરોડરજ્જુનો પાયો અને તેથી પણ નીચેના ભાગમાં આવેલાં ચક્રોને, દરેક ચક્રને એક ખાસ રીતે, જાગૃત કરતો ગયો અને ગતિમાં મૂકતો ગયો. ઢીંચણની ઊંચાઈ આગળ, ઉપર ચડતા અને નીચે ઊતરતા પ્રવાહો એકબીજા સાથે જોડાઈ ગયા અને એ પરિભ્રમણ આ રીતે અસ્ખલિત બની ગયું, અને આખાયે સ્વરૂપને તેણે જીવંત પ્રકાશના એક પ્રચંડ લંબગોળથી વીંટી લીધું.

પછીથી ચેતના ધીરે ધીરે એક એક અવસ્થામાં થતી થતી, દરેક જગતની આગળ અટકતી અટકતી, શરીરની ચેતના પાછી આવી ગઈ ત્યાં સુધી નીચે ઊતરતી રહી. શરીરની ચેતનામાં પાછા આવી જવાની ક્રિયા, મારી સ્મૃતિ ચોક્કસ હોય તો, નવમી અવસ્થા હતી. આ ક્ષણે શરીર હજી પણ તદ્દન અક્કડ અને સ્થિર હતું.

- શ્રી માતાજી

પ્રાર્થનાઓ અને ધ્યાન
૧૨ જુલાઈ ૧૯૧૪- ૨૧ જુલાઈ ૧૯૧૪




30 August 1954 - The Mother

**From: Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆ 0413-2331470**
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પોંડિચેરી-૨ ✆ ૦૪૧૩-૨૩૩૧૪૭૦ ● April 2021
https://themothersprosperity.org

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

2021
APRIL
૧ એપ્રિલ, ૨૦૨૧

## – The Infinite Ladder ; The Column of Light –
## = અનંત આરોહણ ; પ્રકાશનો સ્તંભ =

**IN** all the states of being, in all the modes of activity, in all things, in all the worlds, one can meet Thee and unite with Thee, for Thou art everywhere and always present. He who has met Thee in one activity of his being or in one world of the universe, says "I have found Him" and seeks nothing more; he thinks he has reached the summit of human possibilities. What a mistake! In all the states, in all the modes, in all things, all worlds, all the elements we must discover Thee and unite with Thee and if one element is left aside, however small it may be, the communion cannot be perfect, the realisation cannot be accomplished.

And that is why to have found Thee is but a first step on an infinite ladder.

… …
… …
… …

**THERE was no longer any body**, no longer any sensation; only a column of light was there, rising from where the base

of the body normally is to where usually is the head, to form there a disk of light like that of the moon; then from there the column continued to rise very far above the head, opening out into an immense sun, dazzling and multicoloured, whence a rain of golden light fell covering all the earth.

Then slowly the column of light came down again forming an oval of living light, awakening and setting into movement — each one in a special way, according to a particular vibratory mode — the centres above the head, in the head, the throat, the heart, in the middle of the stomach, at the base of the spine and still farther down. At the level of the knees, the ascending and descending currents joined and the circulation thus went on uninterruptedly, enveloping the whole being in an immense oval of living light.

Then slowly the consciousness came down again, stage by stage, halting in each world, until the body-consciousness returned. The recovery of the body-consciousness was, if the memory is correct, the ninth stage. At that moment the body was still quite stiff and immobile.

- The Mother

Prayers and Meditations
July 12, 1914 - July 21, 1914

**સ્વરૂપની સર્વ અવસ્થાઓમાં**, પ્રવૃત્તિના સર્વ પ્રકારોમાં, સર્વ વસ્તુઓમાં, સર્વ જગતોમાં, અમે તને મળી શકીએ છીએ અને તારી સાથે જોડાઈ શકીએ છીએ, કેમ કે તું હર સ્થળે અને સદાયે હાજર રહેલો છે. જેણે તારી સાથે પોતાના સ્વરૂપની એક જ પ્રવૃત્તિમાં મિલન સાધ્યું હોય છે, તે કહે છે: 'મને પ્રભુ મળી આવ્યા છે,' અને પછી તે બીજી કોઈ વસ્તુની કશી ખોજ કરતો નથી; એ એમ માને છે કે પોતે માનવની શક્યતાઓના શિખર પર પહોંચી ગયો છે. કેવી તો ભૂલ ! અમારે તો તને સર્વ અવસ્થાઓમાં, પ્રવૃત્તિના સર્વ પ્રકારોમાં, સર્વ વસ્તુઓમાં, સર્વ જગતોમાં, સર્વ તત્ત્વોમાં શોધી લેવાનો છે અને તારી સાથે મિલન સાધવાનું છે; અમે જો એકાદ તત્ત્વને, પછી તે ભલે ગમે તેટલું નાનું હોય, પડતું રહેવા દઈએ, તો પરસ્પર વ્યવહાર સંપૂર્ણ થઇ શકતો નથી, સાક્ષાત્કાર સિદ્ધ થઇ શકતો નથી.

અને એટલે જ તારી પ્રાપ્તિ થવી એ એક અનંત આરોહણમાંનું માત્ર પહેલું પગથિયું બને છે.

… …
… …
… …

**હવે શરીર રહ્યું નહોતું**, કોઈ સંવેદન રહ્યું નહોતું; માત્ર પ્રકાશનો એક સ્તંભ હતો, સામાન્ય રીતે જ્યાં શરીરનો મૂલાધાર હોય છે ત્યાંથી ઉપર ચડતો ચડતો તે જ્યાં સામાન્ય રીતે મસ્તક હોય છે ત્યાં સુધી પહોંચી જતો હતો અને ત્યાં આગળ ચંદ્રના બિંબ જેવું બિંબ રચતો હતો. ત્યાંથી પછી એ સ્તંભ ઉપર ચડતો ચડતો મસ્તકથી ખૂબ ખૂબ દૂર ઉપર ચાલ્યો ગયો અને એક પ્રચંડ સૂર્ય રૂપે ફેલાઈ ગયો, ખૂબ જ ઝળહળતા અને અનેક રંગોવાળા, એમાંથી પછી આખીયે પૃથ્વીને ઢાંકી દેતા સોનેરી પ્રકાશની વર્ષા થઇ રહી.

તે પછી પ્રકાશનો એ સ્તંભ ધીરે ધીરે નીચે ઊતરતો ગયો અને એક